શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૩
અંક : ૧૧

## સંગઠનોમાં મેનેજમેન્ટ

ધંધા વ્યાપાર કે સેવા વ્યવસાય સાથે સંકળાયેલા સંગઠનો કે એજન્સીઓ મોટા ભાગે ગ્રાહક કે લક્ષિત સમુહ પ્રત્યે વધુ ગંભીર હોય છે. કારણ કે પોતાનો વ્યવસાય કે સેવા તેના પર નિર્ભર હોય છે અને તેમાથી જ તે નફો કમાતા હોય છે.

આ સેવા પ્રદાન કરનારા કે વાહકો (કર્મચારી / સ્વંયસેવકો) હોય છે તેના પ્રત્યે આ સંગઠનોના મેનેજમેન્ટ તેટલા જ ગંભીર હોય છે કે જેટલા ગ્રાહક કે લક્ષિત સમુહ પ્રત્યે ગંભીર હોય?

ગ્રાહક કે લક્ષિત સમુહ સાથેનો સારો વ્યવહાર કદાચ માલિકો / સંચાલકો માટે સીધો ફાયદાકારક હોય તેમ દેખાય જયારે તેને સેવા આપી રહેલા કર્મચારીની વફાદારી, ઉત્સાહ, સુઝ, ક્ષમતા, સર્જનાત્મકતા જેવી બાબતો તેના ધ્યાનમાં આવતી જ હોય તેમ બનવુ શકય ન પણ હોય. આવા વખતે તેમની યોગ્ય કદર ન થાય તો સારી સેવા આપનારાઓ તે માલિકો / સંચાલકોને છોડીને જતા રહે અથવા તેમની કાર્યક્ષમતા ઘટી પણ શકે જે આખરે માલિકો / સંચાલકો જ મુશ્કેલીમાં મુકાય છે એટલે ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા વધારવા વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે.

પગાર અંગે ડર બતાવી કે નોકરીમાંથી છુટા કરવાની સુચનાથી અધિકારીઓ ખુશ થાય અને તેમાં તેની કુશળતા માને છે પણ આખરે નુકસાન પોતાને અને પોતાની સંસ્થાને પહોંચાડે છે.

આપણે જયારે આપણા સંતાનને કામ સોંપીએ છીએ ત્યારે જો આપણી પોતાની અંદર ઉત્પાદન વિવેક હશે તો સંતાન તમારૂ કામ ખુશમિજાજથી, વારંવાર યાદ કરાવ્યા વિના કરશે. જો આપણે સંતાન પર ધાક ધમકીનો ઉપયોગ કે બળજબરીથી કામ થોપીએ તો આપણી ઈચ્છા સંતોષવા સંતાન સાથેના આપણા સંબંધને જોખમમાં મુકી દઈશુ.

ઉપરોકત બાબત અધિકારીઓ અને તેના તાબા હેઠળ કામ કરતા કર્મચારીઓ માટે એટલી જ લાગુ પડે છે. જો આપણે આપણી સાથે કે નીચે કામ કરનારાઓને એક ટીમ તરીકે સ્વીકાર્ય ન બનાવી શકીએ તો આપણે ચોકકસ આપણી કંપની કે સંસ્થાને જોખમમાં મુકી રહયા છીએ. જો ટીમની ક્ષમતા ઓ બનાવવા પાછળ એટલી જ કિંમત ચુકવવી પડે જેટલી આપણે આપણા ગ્રાહકોને આકર્ષવા માટે કરવી પડે.

(ક્રમશઃ)

**એક વૃક્ષ વાવવા કરતા એક વૃક્ષ ઉછેરવું એ મહાન કાર્ય છે.**

## કપાસ વીણી, સંગ્રહ અને રૂ ની ગુણવત્તા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ખેડૂતો, મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ, ટકાઉ આજીવિકા અને પર્યાવરણ માટે ઉત્તમ કાર્ય સાથે જોડાયેલ છે. આ સંસ્થામાં ધોકડવા કલસ્ટરમાં ઉત્તમ કપાસની પહેલ નામનો કાર્યક્રમ વર્ષ ૨૦૧૫ થી ઉના, ગીરગઢડા અને ખાંભા તાલુકાના ૩૭ ગામોમાં ચાલી રહયો છે. આ કાર્યક્રમમાં ૪૪૬૦ કપાસ વાવેતર કરતા ખેડૂતો જોડાયેલ છે. આ ખેડૂતો જંતુનાશક દવાઓનો ઓછો ઉપયોગ અને પર્યાવરણને નુકશાન ન થાય અને ગુણવત્તાવાળા કપાસનું ઉત્પાદન મેળવી શકાય, એ બાબત પર વધારે ધ્યાન આપવામાં આવે છે.

ઉતમ કપાસની પહેલના ૭ સિદ્ધાંતો પર તે કામ કરે છે જેમાં

૧. પાક સંરક્ષણ,
૨. પાણીનું વ્યવસ્થાપન,
૩. જમીન સંરક્ષણ,
૪. પર્યાવરણની જાળવણી,
૫. રૂ ની ગુણવત્તા,
૬. ઉત્તમ કાર્ય અને
૭. મેનેજમેન્ટ સિસ્ટમ

આ ૭ સિદ્ધાંતોમાંનો પાંચમો સિદ્ધાંત રૂ ની ગુણવત્તા વિશે આજે મારે વાત કરવી છે.

આ સિદ્ધાંતમાં રૂ ની ગુણવત્તા કેવી રીતે જાળવવી તેના વિશે ઉતમ કપાસની પહેલ (બીસીઆઈ) ના ખેડૂતોને વાત કરવામાં આવી છે. જેમાં દર વર્ષે કપાસની વીણી પહેલા આ તાલીમનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમના દરેક ગામડાઓમાં બીસીઆઈના ખેડૂતોને આ તાલીમ આપવામાં આવે છે. તેમાં રૂ ની ગુણવત્તા વિશે વાત કરવામાં આવે છે. કપાસનો સારો ભાવ લેવો હોય તો રૂ ની ગુણવત્તા જાળવી રાખવી જોઈએ તેના માટે કપાસની વીણી વહેલી સવારે ન કરતાં થોડો તડકો આવે ત્યારે કરવી. જો આમ ન કરીએ તો વહેલી સવારે ઝાકળ હોઈ છે તે ઝાકળનો ભેજ રૂ માં હોય છે, આ રૂની વીણી કરવાથી રૂ પીળું પડે છે આમ રૂ ની ગુણવત્તા બગડે છે. વીણી હંમેશા નીચેથી ઉપર તરફ કરવી જેથી તેમાં કીટી–કચરો ન ભળે. કપાસ વીણતા મજૂરોને આખીબાંયના શર્ટ, માથા ઉપર ટોપી પહેરવી, વીણી દરમિયાન માવો, પાન કે બીડી પીવી નહીં તેવી મજૂરો દ્વારા તકેદારી રખાવવી. કોટનની બેગમાં વીણી કરવી હોય તો કલરવાળા બેગ પસંદ કરવા જેથી જીનીંગમાં આપણો કપાસ જાય તો તેમાં પ્લાસ્ટિકના દોરા અંદર જતા હોય તો સેન્સર દ્વારા પકડી શકે, અને કપાસની ગુણવત્તા ન બગડે, પહેલી વીણી, બીજી વીણી તથા વેરાયટી પ્રમાણે રૂ ને અલગ અલગ રાખવો. આવું કરવાથી પણ રૂ ની ગુણવત્તા જળવાઈ રહે છે, અને સારા ભાવ મળી રહે છે.

**ભલભલો ગુસ્સો સ્મિતભર્યા જવાબથી ભુકો થઈ જાય છે.**

કપાસની વીણી થઈ ગયા પછી તેનો સંગ્રહ પણ વ્યવસ્થિત જગ્યાએ કરવો. બંધ ઓરડાવાળું પાકું તળિયું હોય ભેજ ના લાગે તેવો રૂમ પસંદ કરવો, તેમાં ઉંદર કે ખિસકોલી ન આવે અને આગ ન લાગે તેનું પણ ધ્યાન રાખવું, આવી સલામત જગ્યાએ પસંદ કરવી. કપાસને બજારમાં લઈ જઈએ તે પહેલાં ટ્રોલી (કે જેમાં કપાસ લઈ જવાનો હોય) તેને સારી રીતે સફાઈ કર્યા પછી તેમાં કપાસ ભરીને લઈ જવો. આ બાબતનું પણ ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

સામાજિક બાબતોને ધ્યાને લઈ આવી રીતે આ સિદ્ધાંતમાં રૂ ની ગુણવત્તા બાબતની કાળજી રાખવા પર ભાર મુકવામાં આવે છે. કપાસની આ ખેતીમાં બાળ મજૂર ન હોવા જોઈએ. સગર્ભા સ્ત્રીઓને આ ખેતીકામમાં જોડવામાં ન આવે. મહેનતાણામાં કે અન્ય સગવડોમાં સ્ત્રી પુરુષ વચ્ચે કોઈ પ્રકારનો ભેદભાવ ન હોય તેની ખાત્રી કરવામાં આવે છે. ખેડુત પરિવારો જે કપાસની ખેતી કરી રહયા છે તેની આવકમાં વધારો થાય.

– પરેશ સોલંકી



**અભિમાનએ અધિકાર ભોગવવાની અંતરની ઈચ્છાનો પડઘો છે.**

## ચાઈલ્ડલાઈન સે દોસ્તી

તા.૧૮/૧૧/૨૦૨૧ અને તા.૧૯/૧૧/૨૦૨૧નાં રોજ વાંડળીયા, ઈંગોરાળા અને બ્રાહમણ સોસાયટી વિસ્તારમાં દર વર્ષની જેમ ચાઈલ્ડલાઈન સે દોસ્તી કાર્યક્રમની ઉજવણી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા કરવામાં આવી. જેમાં ચાઈલ્ડલાઈન ટીમના સભ્યો, સંસ્થાના કાર્યકરો, ૯૩ બાળકો અને ૭ વાલીઓ હાજર રહયા હતા.

કાર્યક્રમમાં વાલીઓ અને બાળકોને ચાઈલ્ડલાઈન ૧૦૯૮ વિશે વાત કરવામાં આવી, અલગ અલગ યોજનાઓ વિશે માહીતી આપવામાં આવી, બાળકોના અધિકારો વિશે જાગૃત કરવામાં આવ્યા.ચાઈલ્ડલાઈન સે દોસ્તી કાર્યક્રમની ઉજવણીના ઉદેશો સ્પષ્ટ કરવામાં આવ્યા.

કાર્ડશીટ પેપરમાંથી વેસ્ટમાંથી બેસ્ટ અલગ– અલગ વસ્તુ બનાવવામાં આવી. જેમ કે, ગીફ્ટ બોક્સ, માછલી, ગલુડીયાનું મોઢું વગેરે બાળકને શીખવાડવામાં આવ્યું. બાળકોને દોરી વર્ક કરાવવામાં આવ્યુ અને અલગ–અલગ રમતો રમાડવામાં આવી હતી.

વાલી અને બાળકોએ આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિભાવો આપતા જણાવ્યુ કે ચાઈલ્ડલાઈન અવારનવાર આ પ્રકારે કાર્યક્રમ કરતા રહે તો અમે સતત અપડેટ રહી શકીએ અને જરૂરી સહયોગ મેળવતા રહીએ.



**જીવન સંઘર્ષનું બીજું નામ છે.**

માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન વર્ષ ૨૦૨૧–૨૨

માનવ જયોત ટ્રસ્ટ તથા શ્રી ચિત્રકુટધામ ટ્રસ્ટના સહયોગથી શિશુવિહાર સંસ્થા દ્વારા યોજાયેલ સ્વાતંત્ર્ય અમૃત મહોત્સવમાં આદરણીય મોરારીબાપુની ઉપસ્થિતીમાં માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં સતત ૩૧માં વર્ષે નાગરિક સન્માન અંતર્ગત સુરાજયની પ્રતિતી આપતી સન્માનીય ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓનું અભિવાદન કરવામાં આવ્યુ. શ્રી કુલીનકાંત લુઠીયા, પદમશ્રી પર્યાવરણ વિજ્ઞાની ડી. એચ. મહેતા, શ્રી નાનકભાઈ ભટ્ટ, શ્રી પ્રવિણભાઈ ઠક્કર વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતીમાં આ અભિવાદન સમારોહ યોજાયો હતો. સન્માનિત સંસ્થાઓએ પોતાના પ્રતિભાવોમાં જણાવ્યુ કે આ કાર્યક્રમથી અમને વધુ જોશથી કામ કરવાની શકિત પ્રાપ્ત થઈ છે. સંસ્થાઓને કામ કરવામાં આવતા પડકારો તથા સેવાકીય કાર્યોમાં મળી રહેલા સહયોગ બાબતે રજુઆતો થઈ.

આદરણીય મોરારીબાપુએ સંસ્થાઓના પ્રતિનિધિઓનો જુસ્સો વધારતા જણાવ્યુ કે સેવાધર્મ બહુ કઠીન છે. સેવા કરતી આ ચેતનાઓને વંદન કરૂ છુ. શ્રી ડી. એચ. મહેતાએ સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલન અને સમાજ વિકાસ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર વતી ધીરૂભાઈ, નરેન્દ્રભાઈ તથા પ્રેમલભાઈએ સંસ્થા સન્માન સ્વીકૃત કરી આભારની લાગણી વ્યકત કરી હતી.




**પંખી તેના પગનાં કારણે ફસાય છે અને માણસ તેની જીભના કારણે.**

## ડેન્ટલ ચેકઅપ કેમ્પ

ડેન્ટલ ઓરલ હેલ્થ માટે ચાલતા જાગૃતિ કાર્યક્રમમાં આંગણવાડી તથા શાળાના બાળકોને કોરોનાના કારણે જોડી શકયા ન હતા. ૨૨ નવેમ્બરથી શાળાઓ શરૂ થતા શાળાના બાળકો સાથે સંવાદ શરૂ કરી શકયા પણ આંગણવાડી હજુ શરૂ થયેલ ન હોય જે તે કેન્દ્રના બાળકોને ઘેરઘેર જઈને રૂબરૂ મળી દાંતની સંભાળ રાખવા બાળકો તથા વાલીઓ બંનેને માહિતી આપી હતી. સંસ્થાના સ્થાપના દિવસે તા. ૨૪ નવેમ્બરથી દાંતની સંભાળ અને સારવાર માટે ફ્રી ચેકઅપ કેમ્પ શરૂ કર્યા. આગામી ૨૦ દિવસ દરરોજ કેમ્પ યોજવાનુ આયોજન કરેલ છે.

### નવેમ્બર–૨૦૨૧

૨૪ – વાંડળીયા ૨૫ – ઈંગોરાળા
૨૬ – ભીલડી ૨૭ – માચીયાળા મોટા
૨૮– શેડુભાર ૨૯ – રીકડીયા
30 – મોણપુર

### ડીસેમ્બર–૨૦૨૧

૦૧ – વલારડી ૦૨– ચિતલ
૦૩ – લુણકી ૦૪ – અમરાપરા
૦૫ – પીરખીજડીયા ૦૬ – રાંઢીયા
૦૭ – પીપળલગ ૦૮ – ચમારડી
૦૯ –જશવંતગઢ
૧૦–ખીજડીયા રાદડીયા
૧૧–નાનીકુંડળ
૧૨–બક્ષીપુર ગીરીયા ૧૩–માંગવાપાળ




**જે માણસ જૂઠું બોલતાં ડરે છે, તે પછી બીજા કશાથી ડરતો નથી.**

## લેમ્પ પ્રવૃતિઓ

બાળકો સાથે ચાલતા આ કાર્યક્રમમાં છેલ્લા બે વર્ષથી કોરોનાની સ્થિતીને લઈ મર્યાદિત ઈન્ટર્વેન્શન ચાલી રહયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત લર્નીંગ એન્ચરીચમેંટ અને લર્નીંગ રીસોર્સ સેન્ટર બંને વિવિધ પ્રવૃતિઓ દ્વારા ચાલતા હોય છે જેમાં ઓનલાઈન પ્રવૃતિઓ કરાવવામાં શરૂમાં મુશ્કેલી થઈ પણ ધીરે ધીરે ગાડી આગળ ચાલી છેલ્લા ત્રણેક માસથી ઉપલા ધોરણવાળા વિદ્યાર્થીઓ સાથે લર્નીંગ રીસોર્સ સેન્ટર ફીઝીકલ શરૂ થયુ આ મહિનાથી લર્નીંગ એન્ચરીચમેંટ પ્રોગ્રામ પણ ફીઝીકલ શરૂ થયો. બાળકો ફરી જુસ્સા સાથે સેન્ટર પર આવવા શરૂ થયા.

એજયુકેશન ફેસીલીટેટરને પણ બાળકો સાથે અગાઉ જે રીતે પ્રવૃતિઓ ચલાવતા હતા તેમ શરૂ થતા આનંદ થયો.

આ વર્ષથી આંગણવાડી કેન્દ્રો સાથે કામગીરી શરૂ કરવાની હતી જેમાં આંગણવાડી કાર્યકરો સાથે મીટીંગ અને તાલીમ સેશન વ્યકિતગત ચાલ્યા. આંગણવાડીમાં નોંધાયેલા બાળકોના બેઝલાઈન એસેસમેન્ટની કામગીરી હાથ ધરાઈ જેમાં આ દરેક બાળકોનું પુર્વ પ્રાથમિક શિક્ષણને લઈ તેનું સ્તર જોવા પ્રયાસ કર્યો છે. આગામી સમયમાં એસેસમેન્ટના આધારે કરવાની પ્રવૃતિઓ યોજવા તેમજ આંગણવાડીના બહેનો સાથે તે અંગેની તાલીમો યોજવાનુ આયોજન છે.



**સરસ્વતી દ્વારા પ્રાપ્ત થયેલ ધનને કોઈ ચોરી શકતું નથી.**

## Happy Birthday

| | |
|---|---|
| Rajesh Rathod | 01/12/1992 |
| Rohit Vaghela | 01/12/1997 |
| Ajay Jadav | 01/12/1998 |
| Vijay G. Solanki | 06/12/1995 |
| Ronita Ramani | 14/12/1998 |
| Satish Dafda | 15/12/1977 |
| Hardik Joshi | 24/12/1983 |
| Narendra Ponkiya | 28/12/1988 |

## In this month

૦૧ કોર ગૃપ મીટીંગ.

૦૧ વીએફએસ સ્ટુડન્ટ મીટીંગ

૧૦ ખાંભા, ટીંબી અને ધોકડવા કલસ્ટરની વીઝીટ.

૧૧ ડો. પીટર સાથે ઈનોવેશન ફોરમ સાથેના તેમના સંશોધન પર વાર્તાલાપ.

૧૫ કન્વર્ઝન્સ મીટીંગ.

૨૧ શિશુ વીહાર દ્વારા સંસ્થાનું અભિવાદન.

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જ્યાં તમે બીજું કઈ ના કરી શકો, ત્યાં એક કામ ચોક્કસ કરો પ્રયત્ન.**